**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૪/૦૩/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૫૨૪ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪ બિયરટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૨૦/૧૫**

**નરોડા :** મુનેશકુમાર બંસીલાલ જાદવ (રહે.હિરાબેનની ચાલી, હિરાવાડી, બાપુનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૩/૧૫ સવારનાં ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક આવેલ ચાર રસ્તાથી પોતાની પુત્રી શ્વેતાકુમારી(ઉ.વ.૧૦) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૨૧/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** કમલેશભાઇ હિરાલાલ ભટ્ટ (રહે.પ્રીતી સોસાયટી, ભૈરવનાથ સોસાયટી, મણીનગર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૨/૩/૧૫ સાંજનાં ૭/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની જી.આઇ.ડી.સી.વટવા ફેઝ ૧, પ્લોટ ૮૦/૭ રૂકેમ ઇન્ડસ્ટ્રીઈઝ ની ઓફીસના પતરાનો દરવાજો ઉંચો કરી લાકડાનાં દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાંથી રોકડા રૂપિયા ૬૦,૦૦૦/- અને એલ.સી.ડી.ટી.વી.કિંમત રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.ટી.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

**બાપુનગર :** અજીતસિંહ બ્રહ્મદેવસિંહ રાજપુત (રહે.સમાજ નવરચના સોસાયટી, ખોડીયારનગર, જીવરાજપાર્ક) એ તા.૧૩/૩/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે આરોપી (૧) દિપકભાઇ ગોપાલભાઇ પટેલ (૨) ગીરીશભાઇ ગોપાલભાઇ (૩) ગોપાલભાઇ (તમામ રહે. ધનલક્ષ્મી સોસાયટી, સોનીની ચાલી, બાપુનગર) એ ભેગામળી તા.૯/૧૦/૧૪ થી તા.૧૦/૧૦/૧૪ દરમ્યાન કોઇપણ સમયે અજીતસિંહનાં બાપુનગર, મરઘાફાર્મ, ધનશ્યામ એસ્ટેટ ગોડાઉન નંબર ૬૮/૧ અજીત ટ્રેડર્સમાં તથા ગોડાઉન આગળ પડેલ ભંગાર આશરે ૯૩ ટન કિંમત રૂપિયા ૩૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**<u>સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૨૨/૧૫</u>**

**નારણપુરા :** ગીરાબહેન ચંદ્રેશકુમાર શાહ (રહે.નિર્મલપાર્ક, ગીતાનગર ફાટક ક્રોસ રોડ, ભાયંદર, વેસ્ટ મુંબઇ) તા.૧૩/૩/૧૫ બપોરના ૧/૫૫ વાગ્યાનાં સુમારે જુનાવાડજ શાંતિનગર ચબુતરા સામે, શ્રીમંદ એપાર્ટમેન્ટ પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીરાબહેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૭,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીરાબહેન શાહે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**<u>લુંટ ની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૨૩/૧૫</u>**

**માધવપુરા :** પ્રકાશભાઇ જેઠાજી રાણા (રહે.એસ/૩, શોપીંગ સેંટર રોડ, મોટેરા, સાબરમતી) એ તા.૧૩/૩/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૩/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાની લોડીંગ રીક્ષા લઇને શાહીબાગ સ્વામીનારાયણ મંદિર પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.બી.ઝેડ.૩૩૮૬ ના ચાલકે પ્રકાશભાઇની લોડીંગ રીક્ષાને અથડાવ્યા બાદ ઓટોરીક્ષાના ચાલક અને તેમાં બેસેલ એક અજાણ્યો પુરૂષે ભેગામળી પ્રકાશભાઇને માર મારી તેમની પાસેનાં રોકડ રૂપિયા ૩૪,૦૦૦/- લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**<u>ધાબા નીચે દબાઇ જતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૫૨૪/૧૫</u>**

**ગાયકવાડ હવેલી :** તા.૧૩/૩/૧૫ સાંજનાં ૪/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન નટવરભાઇ (જેમના પુરા નામની ખબર નથી)(ઉ.વ.૪૫)(રહે.સરસપુર) જમાલપુર પાંચપીપળી ખાતે આવેલ મુનાફભાઇના મકાનમાં રીનોવેશનનું કામ કરતાં, મકાનના ધાબુ તોડતા હતા દરમ્યાન ધાબુ નીચે પડી જતાં, નટવરભાઇ ધાબા નીચે દબાઇ જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલ ખાતે લાવતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ સાંજનાં ૫/૪૫ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અકબરશા ફકીરશા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.પ૨પ/૧પ**

**શહેરકોટડા :** ઉમંગ ઘનશ્યામભાઇ બારોટ (ઉ.વ.૨૩)(રહે.યોગેશ્વરપાર્ક સોસાયટી, કાકડીયા હોસ્પીટલ પાસે, બાપુનગર) એ નોકરી નહિ મળવાના કારણે ટેન્શનમાં આવી જતાં તા.૧૩/૩/૧૫ સાંજનાં ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ સુરજીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.